પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૯૦ | ૮ જુન, ૨૦૧૮, શુક્રવાર; અ. જેઠ વદ - ૯ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

### બિહારમાં એનડીએની બેઠક

લોકસભા ચૂંટણી માટે બેઠકની ફાળવણી અને સ્ટ્રેટેજીને લઈને એનડીએની બેઠક બિહારમાં મળી રહી છે. બેઠકમાં જેડીયુ ચીફ નીતિશકુમાર, બીજેપીના સુશીલ મોદી, લોકજનશકિત પાર્ટીના ચીફ રામવિલાસ પાસવાન અને રાષ્ટ્રીય લોક સમતા પાર્ટીના ઉપેન્દ્ર કુશવાહ ઉપસ્થિત રહેશે.

### વ્હાઈટ હાઉસ બહાર મુસ્લિમોનું પ્રદર્શન

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે વ્હાઈટ હાઉસમાં ઈફતાર પાર્ટીનું આયોન કરતા અમેરિકાના કેટલાક મુસ્લિમ સિવિલ રાઈટસ ગ્રુપ દ્વારા ઈફતાર ડિનર પાર્ટીનો વિરોધ કરવામાં આવ્યો હતો. દેખાવકારોએ વ્હાઈટ હાઉસની બહાર 'નો ટ્રમ્પ ઈફતાર'ના બેનર્સ સાથે દેખાવો કર્યા હતા.

### હનીપ્રિતને રાહત નહી



ડેરા સચ્ચા સૌદા પ્રમુખ રામરહીમની નજીકની સાથીદાર હનીપ્રિતને જામીન મળ્યા નથી. કોર્ટે તેની જામીન અરજી ફગાવી દીધી છે. પંચકૂલા હિંસા અને દેશદ્રોહ મામલે તે આરોપી છે.

### નમો એપથી જોડાવવા ફરમાન

ભારતીય જનતા પાર્ટીએ પોતાના કાર્યકર્તાઓને નમો એપ સાથે જોડાવવા અપીલ કરી છે. આ એપમાં ભાજપના લોકસભા અને રાજયસભાના સદસ્યો માટે ગ્રુપ્સ બનાવવામાં આવ્યા છે.

# મુંબઈમાં ફરીવાર જળબંબાકાર

**ઘાટકોપર, કુર્લા, દાદર, વરલી, પારેલમાં પાણી ભરાયા : ભારે વરસાદના પરિણામ સ્વરુપે જુદી જુદી એરલાઈન્સોની ફ્લાઇટોને ડાયવર્ટ કરવાની ફરજ પડી : આપત્તિને પહોંચી વળવા માટે ત્રણ એનડીઆરએફની ટીમો તૈનાત કરાઈ, નેવી-બીએમસીના જવાનો રેસ્કયુ ઓપરેશન માટે તૈયાર, કોંકણ અને ગોવા ઉપરનું ચક્રવાત ભારે વરસાદ વરસાવશે**



મુંબઈ,તા. ૭

દક્ષિણ પશ્ચિમ મોનસુને હવે દેશના વાણિજ્ય પાટનગર ગણાતા મુંબઈમાં પણ એન્ટ્રી કરી લીધી છે. આ પહેલા હવામાન વિભાગ તરફથી ૯મીથી લઈને ૧૧મી જૂન વચ્ચે ભારે વરસાદની ચેતવણી જારી કરવામાં આવી હતી. આ ચેતવણી જારી કરવામાં આવ્યા બાદ બીએમસી દ્વારા તમામ પગલા લેવામાં આવ્યા હતા. કોઈપણ પરિસ્થિતિને પહોંચી વળવા માટે તમામ પગલા લેવામાં આવ્યા છે. બીજી બાજુ આજે દેશના વાણિજ્ય પાટનગર ગણાતા મુંબઈમાં ભારે વરસાદના કારણે જનજીવન ખોરવાઈ ગયું હતું. મુલુંદ, ઘાટકોપર, કુર્લા, દાદર અને પારેલમાં ભારે વરસાદના કારણે જનજીવન ખોરવાઈ ગયું હતું. ચારેબાજુ પાણી ભરાઈ ગયા હતા. શહેરના ઘણા ભાગોમાં પાણી ભરાઈ જવાના કારણે લોકો અટવાઈ પડ્યા હતા. ટ્રાફિકજામની સ્થિતિ પણ સર્જાઈ હતી. ભારે વરસાદના પરિણામ સ્વરુપે જુદી જુદી એરલાઈન્સોની ફ્લાઈટો અન્ય એરપોર્ટ ઉપર ડાયવર્ટ કરવામાં આવી હતી. ઓછામાં ઓછી નવ ફ્લાઈટોને અન્ય એરપોર્ટ ઉપર ડાયવર્ટ કરવામાં આવી ચુકી છે. ખરાબ હવામાન અને ભારે વરસાદના કારણે વિમાની સેવા ખોરવાઈ ગઈ હતી. બીજી બાજુ મુંબઈની લાઈફલાઈન

● અનુસંધાન પાન-૭ પર

# રામમંદિરના મુદ્દો ઉકેલવા સાધુ-સંતોએ દબાણ વધાર્યુ

**અયોધ્યાના સાધુ-સંતોની યોગી આદિત્યનાથ સાથે મુલાકાત**



લખનઉ,તા.૭

૨૦૧૯ની ચૂંટણી નજીક આવી રહી છે. તેમ-તેમ ફરી એકવાર રામમંદિરનો મુદ્દો ગરમ થવા લાગ્યો છે. લખનૌ ખાતે યુપીના મુખ્યપ્રધાન યોગી આદિત્યનાથ સાથે રામમંદિરના મુદ્દાને લઈને અયોધ્યાના સાધુ-સંતોએ મુલાકાત કરી છે. યોગી આદિત્યનાથને મળવા લખનૌ પહોંચેલા સંતોએ કહ્યુ છે કે જો રામમંદિરનો મામલો ઉકેલાશે નહીં. તો વિચારીશું કે ૨૦૧૯માં શું કરવું છે.

સંતોએ કહ્યુ છે કે ઝડપથી રામમંદિર નિર્માણનું કામ શરૂ કરવું જોઈએ. જણાવવામાં આવે છે કે યોગી આદિત્યનાથે જ સંત સમાજના લોકોને મુલાકાત માટે લખનૌ બોલાવ્યા હતા. દિગમ્બર અખાડાના મહંત સુરેશ દાસ, ઉદાસિન આશ્રમના મહંત ભરતદાસ સહીત અયોધ્યાના મુખ્ય સાધુ-સંતો યોગી આદિત્યનાથના લખનૌ ખાતેના નિવાસસ્થાને પહોંચ્યા હતા.

સંત રામમંદિરના મામલે યોગી પાસેથી નક્કર જવાબ ઈચ્છી રહ્યા છે. આ પહેલા અયોધ્યમાં રામજન્મભૂમિના પૂજારી આચાર્ય

● અનુસંધાન પાન-૭ પર

# કાશ્મીરમાં રમઝાનમાં જ ત્રાસવાદી ઘટના વધી

**છેલ્લા ૨૦ દિવસના ગાળામાં ૩૬થી વધુના મોત : શાંતિ સ્થાપિત કરવાના ઉદ્દેશ્યથી જાહેર કરવામાં આવેલા યુદ્ધવિરામની અસર ન થઈ**

શ્રીનગર,તા. ૭

કેન્દ્ર સરકારે જમ્મુકાશ્મીરમાં શાંતિ સ્થાપિત કરવાના હેતુથી રમજાનના પવિત્ર મહિના દરમિયાન ત્રાસવાદીઓ સામે યુદ્ધવિરામની જાહેરાત કરી હતી. અંકુશ રેખા સામે પણ કાર્યવાહી ન કરવાની જાહેરાત કરી હતી. જો કે શાંતિ સ્થાપિત કરવાના પ્રયાસ બિનઅસરકારક સાબિત થયા છે. રમજાનમાં યુદ્ધવિરામના ગાળા દરમિયાન ત્રાસવાદી હિંસા વધી ગઈ છે. છેલ્લા ૨૦ દિવસના ગાળામાં જ પહેલા કરતા વધારે લોકોના મોત થયા છે. છેલ્લા ૨૦ દિવસમાં ૩૬થી વધુ લોકોના મોત થયા છે. જેમાં પોલીસ અને સુરક્ષા જવાનોનો સમાવેશ થાય છે. શ્રીનગરના જુદા જુદા સ્થળ પર ૧૮ ગ્રેનેડ ઝીંકવામાં આવ્યા હતા. બે ડઝનથી વધારે લોકો ઘાયલ પણ થઈ ગયા છે. આ વર્ષે જાન્યુઆરીથી લઈને હજુ સુધી ૧૪૩ લોકોના મોત થયા છે. જેમાં ૩૭ નાગરિકો સામેલ છે. ૭૧ ત્રાસવાદીઓને મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યા છે. અત્રે નોંધનીય છે કે વર્ષ ૨૦૧૭માં ત્રાસવાદીઓએ અમરનાથ યાત્રા દરમિયાન ગુજરાતના શ્રદ્ધાળુઓને ટાર્ગેટ બનાવીને કરવામાં આવેલા હુમલામાં સાત લોકોના મોત થયા હતા. આ હુમલામાં ૧૯ અન્ય લોકો ઘાયલ થયા હતા. આ હુમલાના કારણે દેશમાં આક્રોશનુ મોજુ ફરી વળ્યુ હતુ. રમજાનના પવિત્ર મહિના દરમિયાન ત્રાસવાદીઓ રક્તપાત સર્જવા માટેની તૈયારી કરી રહ્યા છે. જમ્મુ કાશ્મીરમાં ૨૦ ત્રાસવાદીઓ ઘુસી ગયા બાદ હુમલાની દહેશત ફરી એકવાર પ્રવર્તી રહી છે. જમ્મુ કાશ્મીરમાં ફરી એકવાર હુમલાનો ખતરો તોળાઈ રહ્યો છે.



પ્રણવદા સંઘના કાર્યક્રમમાં - છેલ્લા કેટલાક દિવસથી રાજકારણમાં ચર્ચાનું કેન્દ્ર બનેલ પૂર્વ રાષ્ટ્રપતિ અને કોંગ્રેસના વરિષ્ઠ નેતા પ્રણવ મુખરજી નાગપુર ખાતે આર.એસ.એસ.ના કાર્યક્રમમાં હાજરી આપી હતી... સંઘના સ્વયંસેવકોના પથસંચલનની અભૂતપૂર્વ શિસ્ત નિહાળી હતી... વંદે માતરમના ગાન અને સરસંઘ સંચાલક મોહન ભાગવત સાથે શિસ્તબદ્ધ ઉભા રહી આદર વ્યક્ત કર્યો હતો... કાર્યક્રમના પ્રારંભે મોહન ભાગવતે પ્રણવ મુખરજીની ઉપસ્થિતિના વિવાદને નિરર્થક ગણાવ્યો હતો... જ્યારે પ્રણવ મુખરજીએ સમગ્ર વક્તવ્યમાં વિવાદનો ઉલ્લેખ કર્યા વિના રાષ્ટ્રવાદની વિચારધારાની વાતો કરી હતી...

# ઉત્તરપ્રદેશ-રાજસ્થાનમાં વહેલા ચોમાસાના અણસાર

**કાળઝાળ ગરમીથી ટૂંકમાં જ રાહત મળશે : બંને રાજ્યોમાં હાલમાં પારો ૪૫ની આસપાસ : નાગરિકો ગરમીથી ત્રાહિમામ : પ્રિ-મોનસુનની તૈયારી**

લખનૌ, તા. ૭

દેશના વાણિજ્ય પાટનગર ગણાતા મુંબઈમાં ભારે વરસાદની સાથે સાથે દેશના અન્ય ભાગોમાં પણ મોનસુનની હવે ઝડપથી એન્ટ્રી થઈ રહી છે. ૧૦મી જૂન સુધી ઉત્તરપ્રદેશમાં પણ પ્રિ મોનસુનની એન્ટ્રી થઈ શકે છે. રાજસ્થાન અને ઉત્તરપ્રદેશમાં લોકો ગરમીથી બેહાલ છે ત્યારે હવામાન વિભાગ તરફથી જણાવવામાં આવ્યું છે કે, અહીં પણ મોનસુનની એન્ટ્રી થવાની તૈયારી છે. હવામાન વિભાગના કહેવા મુજબ ઉત્તરપ્રદેશમાં લોકોને ટુંક સમયમાં જ ગરમીથી રાહત મળી જશે. બરેલી, બદાયુ, શાહજહાંપુર સહિતના વિસ્તારોમાં ભારે વરસાદની ચેતવણી જારી કરવામાં આવી છે. પ્રિ-મોનસુની વરસાદનો દોર ૧૦મી જૂનથી શરૂ થઈ શકે છે. લખનૌ સહિત પ્રદેશના અનેક વિસ્તારોમાં હાલ તીવ્ર ગરમી પડી રહી છે. બીજી બાજુ રાજસ્થાનના જુદા જુદા વિસ્તારોમાં પણ લોકોની હાલત કફોડી બનેલી છે. ઉત્તરપ્રદેશના વિવિધ ભાગોમાં પારો ૪૧ સુધી પહોંચી ગયો છે. બુંદેલખંડના અનેક વિસ્તારોમાં પારો ૪૫થી ઉપર પહોંચી ચુક્યો છે. રાજસ્થાનના વિવિધ ભાગોમાં પણ પારો ૪૫થી ઉપર પહોંચી ચુક્યો છે. કાળઝાળ ગરમીથી હવે ટૂંકમાં જ રાહત મળી શકે છે. હવામાન વિભાગના કહેવા મુજબ આ વખતે દક્ષિણ પશ્ચિમ મોનસુનની કેરળમાં નિર્ધારિત સમય કરતા ત્રણ દિવસ પહેલા એન્ટ્રી થયા બાદ દેશના અન્ય ભાગોમાં પણ નિર્ધારિત સમય પહેલા એન્ટ્રી થઈ રહી છે. ઉત્તરપ્રદેશ અને રાજસ્થાનમાં તેમજ દેશના અન્ય ભાગોમાં વહેલીતકે મોનસુન પહોંચશે. ગુજરાતમાં પણ ૧૦થી ૧૫મી વચ્ચે મોનસુનની એન્ટ્રી થઈ જાય તેવી શકયતા દેખાઈ રહી છે.

# પ્રજાની ખુશીમાં જ રાજાની ખુશી : પ્રણવદા

**દરેક પ્રકારની હિંસાથી સમાજને બચવાની જરૂર છે : વાતચીતથી જુદી જુદી વિચારધારાના લોકોની તમામ સમસ્યાનો ઉકેલ આવી શકે છે : રાષ્ટ્રવાદ ધર્મ, રંગ, ભાષા, જાતિથી પ્રભાવિત નથી : પ્રણવ મુખર્જી**

નાગપુર, તા. ૭

ભારતના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ અને વર્ષો સુધી કોંગ્રેસના વરિષ્ઠ નેતા તરીકે રહી ચુકેલા પ્રણવ મુખર્જીએ આજે નાગપુરમાં સંઘના કાર્યક્રમમાં હાજરી આપી હતી અને રાષ્ટ્રવાદના સંદર્ભમાં પોતાના અભિપ્રાય પણ રજૂ કર્યા હતા. પ્રણવ મુખર્જીએ રાષ્ટ્રવાદને લઈને ખુબ જ ઉપયોગી માર્ગદર્શન આપ્યું હતું. તેમણે પોતાના સંબોધનમાં કહ્યું હતું કે, પ્રજાની ખુશીમાં જ રાજાની ખુશી હોવી જોઈએ. વાતચીતથી જુદી જુદી વિચારધારાના લોકોની સમસ્યાઓનો ઉકેલ આવી શકે છે. તેમણે એમ પણ કહ્યું હતું કે, આટલી વિવિધતા હોવા છતાં ભારતીયતા અમારી ઓળખ બનીને રહી છે. રાષ્ટ્રવાદ કોઈપણ ભાષા, રંગ, ધર્મ અને જાતિથી પ્રભાવિત નથી. પ્રણવ મુખર્જીએ એમ પણ કહ્યું હતું કે,

દરેક પ્રકારની હિંસાથી અમારા સમાજને બચવાની જરૂર છે. મૌખિક અને શારીરિક હિંસા બંને ખુબ જ ખતરનાક છે. વાતચીત મારફતે પ્રણવ મુખર્જીએ કેટલાક સ્પષ્ટ સંકેતો પણ આપ્યા હતા. તેમણે ઉમેર્યું હતું કે, ભારતનો આત્મા બહુવાદમાં રહે છે. અમને લોકશાહી ભેંટમાં મળી નથી. પ્રણવ મુખર્જીએ ઉમેર્યું હતું. બાળગંગાધર તિલકે સ્વરાજ

● અનુસંધાન પાન-૭ પર

## પ્રણવ મુખર્જીને કેમ બોલાવાયા તે ચર્ચા નિરર્થક છે : ભાગવત



નાગપુર, તા. ૭

નાગપુરમાં સંઘના શિક્ષા વર્ગના સમાપન કાર્યક્રમમાં સંઘ પ્રમુખ મોહન ભાગવતે પણ આજે પૂર્વ રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીની ઉપસ્થિતિમાં સંબોધન કર્યુ હતું. પ્રણવ મુખર્જીનો તેઓએ આભાર માન્યો હતો. તેમણે ઉમેર્યુ હતું કે, પ્રણવ મુખર્જીને આમંત્રણ આપવા અને પ્રણવ મુખર્જી દ્વારા સ્વીકાર કરવાની બાબત સહજ બાબત છે. આને લઈને ચર્ચા થવી જોઈએ નહીં. મોહન ભાગવતે કહ્યું હતું કે, પ્રણવ મુખર્જીને કેમ બોલાવવામાં આવ્યા, તેઓ કેમ આવ્યા છે આ પ્રકારની ચર્ચા નિરર્થક છે. સંઘ સંઘ છે અને પ્રણવ મુખર્જી પ્રણવ મુખર્જી છે. ભાગવતે કહ્યું હતું કે, સંઘનું કાર્ય ભારતમાં લોકોને સંગઠિત કરવાનું રહ્યું છે જેથી સંઘમાં તમામ લોકોનું સ્વાગત છે. કોઈપણ વ્યક્તિ પરાઈ નથી. તમામના પૂર્વજ પણ એક જ છે. તમામના જીવન ઉપર ભારતીય સંસ્કૃતિનો પ્રભાવ છે.

ગાંધીનગર માટે
LED TV, LCD TV
રીપેરીંગ માટે
ફોન કરો
સોમનાથ
ઈલેક્ટ્રોનિક્સ
મો. ૯૭૧૪૧ ૯૮૩૬૬

• માણો બ્રેકફાસ્ટમાં ગુજરાતી નાસ્તાઓ
• મહારાજ દ્વારા બનાવેલ ભોજનનો રસથાળ
• ટુરમાં સૌથી વધુ સાઈટસીન સામેલ
• દરેક ટુરનાં પ્રસ્થાન અમદાવાદથી
• દરેક ટુરમાં ગુજરાતી મેનેજર
સિંગાપોર મલેશીયા થાઈલેન્ડ 99500* | સિંગાપોર મલેશીયા 78500* | દુબઈ અબુધાબી 46000*
આજે જ બુકિંગ કરાવો અને મેળવો... ફાર ઈસ્ટની ટુરમાં રૂા. ૩૦૦૦નું ડિસ્કાઉન્ટ અને રૂા. ૩૦૦૦નું સાઈટસીન ફ્રી અને દુબઈમાં ૧૫૦૦નું ડિસ્કાઉન્ટ
atlanta world travels inc
7600605542
7600697701
પ્રસ્થાન : જુનથી સપ્ટેમ્બર સુધી નિયમીત

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

આયોજક :
ગુજરાત સરકાર
કૃષિ, ખેડુત કલ્યાણ અને સહકાર વિભાગ
ગુજરાત એગ્રો ઈન્ડસ્ટ્રીઝ કોર્પોરેશ લી. ગુજરાત સરકારની નોડલ એજન્સી.
કેસર કેરી
મહોત્સવ ૨૦૧૮
સૌરાષ્ટ્ર (ગીર), કચ્છનાં કિસાન ભાઈઓ દ્વારા તેમણે જાતે માવજત કરીને ઉગાડેલી કાર્બાઈડ ફ્રી કેસર કેરી ગાંધીનગરનાં કદરદાન ગ્રાહકોને સીધુ વેચાણ
: સ્થળ : કૃષિ ભવન (પાછળના ભાગે), સેકટર ૧૦-એ, ગાંધીનગર
કાર્બાઈડ એક હાનિકારક પદાર્થ છે.
૧૦૦ % કાર્બાઈડ ફ્રી કેસર કેરી
સમયઃ સવારના ૯.૦૦ થી સાંજના ૭.૦૦ સુધી